## <u>પરિપત્ર :-</u>

ક્રમાંક:મઉમશબ/ચૂંટણી-૨૦૨૦/૦૨૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૩/૧૦/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ,
ગુજરાત રાજય.

વિષય :- બોર્ડની સામાન્ય ચૂંટણી માટે રજૂ કરેલ આવેદનપત્રોમાં રહેલ ક્ષતિઓ અને વાંધાઓ બાબત.

સંદર્ભ :- (૧) અત્રેની કચેરીનો તા.૧૦/૧૦/૨૦૨૦ નો પત્રક્રમાંક:મઉમશબ/ચૂંટણી-૨૦૨૦/૦૨૦
(૨) તા.૧૩/૧૦/૨૦૨૦ ના રોજ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેલ પ્રાથમિક મતદાર યાદીની જાહેર નોટીસ.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, બોર્ડના સંદર્ભદર્શિત પત્ર-૧ થી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને ઈ-મેઈલ મારફતે જન્મ તારીખમાં ભૂલ હોય, ખોટી હોય, દર્શાવેલ ન હોય કે જન્મ તારીખ દર્શાવેલ હોય પરંતુ નોકરીમાંથી સેવા નિવૃત્તિની ઉંમર પૂર્ણ કરેલ હોય તેવા કિસ્સાઓની યાદી મોકલવામાં આવેલ છે. આ યાદી મુજબના શાળાઓના અરજદારોને તેઓની જન્મ તારીખ ઓનલાઈન તા.૧૩/૧૦/૨૦૨૦ થી તા.૧૭/૧૦/૨૦૨૦ દરમિયાન સુધારી લે તે માટે યોગ્ય વ્યવસ્થા કરશો. વધુમાં, જે અરજદારો તા.૩૧/૧૦/૨૦૨૦ સુધીમાં નિવૃત્ત થનાર છે કે નિવૃત્ત થઈ ગયેલ છે તેઓના નામ મતદાર યાદીમાં હોય તો તે શાળા મારફતે સંદર્ભપત્ર-૨ ની જાહેર નોટીસમાં દર્શાવેલ ઈ-મેઈલ <u>gsebelection2020@gmail.com</u> ઉપર નિયત કરેલ સમય મર્યાદામાં રજૂઆત થાય તેની કાળજી લેશો.

જે અરજદારોની જન્મ તારીખ ખોટી હોય તેઓને ઓનલાઈન સુધારવા જણાવેલ હતું. આ બાબતે વધુ સ્પષ્ટતા કરતાં જણાવવાનું કે જે અરજદારોની જન્મ તારીખ ખોટી નથી. પરંતુ નિવૃત્ત થયા બાદ પણ મતદાર થવા માટે અરજી કરેલ છે અને તેઓની મતદાર તરીકેની પાત્રતા રહેતી નથી. જેથી તેઓની અરજી રદ કરવાની થાય છે. જે શાળાઓના અરજદારોની અરજીઓ રદ કરવા પાત્ર થતી હોય તેવી શાળાઓને આપની કક્ષાએથી જાણ કરી ફકરા-૧ માં દર્શાવેલ ઈ-મેઈલ આઈ.ડી ઉપર રદ કરવાની વિગત મોકલવા જણાવશો.

વધુમાં, જે અરજદારોના ફોટોગ્રાફ ઓનલાઈન દેખાતા ન હોય તેવા અરજદારોએ નવા ફોટોગ્રાફ સાથે દર્શાવેલ ઈ-મેઈલ ઉપર રજૂઆત કરવાની રહેશે. કોઈ અરજદાર સામે અન્ય કોઈને વાંધો હોય તો તેવા વ્યક્તિએ વેબસાઈટ ઉપર મૂકેલ વાંધા અરજીના નમૂનામાં વાંધાના આધારો સહિતની વિગતો ઈ-મેઈલ કરવાની રહેશે. તા.૧૭/૧૦/૨૦૨૦ ને સાંજે ૦૫:૦૦ કલાક સુધીમાં સુધારા અને વાંધાઓ ઈ-મેઈલ કરવાના રહેશે. ત્યારબાદ આવેલી રજૂઆતો ધ્યાને લેવામાં આવશે નહીં.

આ સાથે જિલ્લાવાર ખંડવાર તા.૧૨/૧૦/૨૦૨૦ ની સ્થિતિએ મતદારોની વિગત દર્શાવતું પત્રક અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૩(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોની ખંડવાર વિગત દર્શાવતું પત્રક સામેલ રાખેલ છે. ઉપરની બાબતો અંગે આપના જિલ્લાની શાળાઓને અને મતદારોને જાણ થાય તે માટે સ્થાનિક કક્ષાના વર્તમાનપત્રો અને ન્યુઝ ચેનલમાં આ અંગેની માહિતીનો પ્રચાર પ્રસાર થાય તેવી વ્યવસ્થા કરવા વિનંતી છે.

(ડી. એસ. પટેલ)
મુખ્ય ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ :-

1. Gujarat Secondary and Higher Secondary Education Board - Electoral Statistics (As on Dt:12/10/2020)
2. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સામાન્ય ચૂંટણી મત વિભાગની વિગત
3. તા.૧૩/૧૦/૨૦૨૦ ના રોજ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેલ પ્રાથમિક મતદાર યાદીની જાહેર નોટીસ.

નકલ રવાના :-

- રાજયની તમામ રજિસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ યોગ્ય કાર્યવાહી અર્થે.

| Gujarat Secondary and Higher Secondary Education Board - Electoral Statistics(As on Dt:12/10/2020) | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| S.No | District | Khand-1 | Khand-2 | Khand-3 | Khand-4 | Khand-5 | Khand-6 | Khand-7 | Khand-8 | Khand-9 | Total |
| 1 | AHMADABAD RURAL | 223 | 65 | 1361 | 2 | 881 | 1130 | 120 | 396 | 324 | 4502 |
| 2 | AHMEDABAD CITY | 201 | 8 | 1752 | 2 | 1297 | 1542 | 14 | 373 | 454 | 5643 |
| 3 | AMRELI | 86 | 25 | 602 | 3 | 334 | 327 | 93 | 120 | 107 | 1697 |
| 4 | ANAND | 142 | 100 | 1205 | 3 | 600 | 617 | 41 | 190 | 135 | 3033 |
| 5 | ARAVALI | 119 | 190 | 555 | 4 | 466 | 506 | 26 | 193 | 212 | 2271 |
| 6 | BANASKANTHA | 123 | 155 | 1158 | 0 | 593 | 905 | 278 | 236 | 191 | 3639 |
| 7 | BHARUCH | 118 | 55 | 907 | 2 | 399 | 561 | 91 | 188 | 158 | 2479 |
| 8 | BHAVNAGAR | 106 | 142 | 850 | 0 | 397 | 412 | 250 | 182 | 123 | 2462 |
| 9 | BOTAD | 27 | 32 | 181 | 0 | 61 | 94 | 78 | 59 | 45 | 577 |
| 10 | CHHOTA UDEPUR | 55 | 56 | 338 | 0 | 167 | 172 | 101 | 60 | 75 | 1024 |
| 11 | DAHOD | 131 | 189 | 972 | 0 | 610 | 631 | 65 | 133 | 173 | 2904 |
| 12 | DANGS | 9 | 16 | 45 | 0 | 28 | 36 | 114 | 9 | 0 | 257 |
| 13 | DEVBHUMI DWARKA | 45 | 5 | 225 | 0 | 76 | 68 | 66 | 73 | 79 | 637 |
| 14 | GANDHINAGAR | 165 | 64 | 966 | 1 | 657 | 791 | 41 | 216 | 186 | 3087 |
| 15 | GIR SOMNATH | 61 | 10 | 580 | 7 | 267 | 279 | 102 | 116 | 109 | 1531 |
| 16 | JAMNAGAR | 74 | 11 | 387 | 6 | 174 | 181 | 147 | 143 | 142 | 1265 |
| 17 | JUNAGADH | 147 | 12 | 804 | 9 | 528 | 398 | 110 | 221 | 181 | 2410 |
| 18 | KACHCHH | 79 | 23 | 467 | 0 | 212 | 226 | 524 | 91 | 20 | 1642 |
| 19 | KHEDA | 154 | 136 | 1039 | 1 | 625 | 547 | 43 | 223 | 193 | 2961 |
| 20 | MAHESANA | 186 | 62 | 1226 | 2 | 820 | 913 | 46 | 261 | 253 | 3769 |
| 21 | MAHISAGAR | 120 | 106 | 571 | 0 | 440 | 361 | 46 | 167 | 198 | 2009 |

Gujarat Secondary and Higher Secondary Education Board - Electoral Statistics(As on Dt:12/10/2020)

| S.No | District | Khand-1 | Khand-2 | Khand-3 | Khand-4 | Khand-5 | Khand-6 | Khand-7 | Khand-8 | Khand-9 | Total |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 22 | MORBI | 89 | 18 | 371 | 7 | 164 | 213 | 105 | 119 | 121 | 1207 |
| 23 | NARMADA | 40 | 31 | 221 | 1 | 125 | 106 | 141 | 42 | 43 | 750 |
| 24 | NAVSARI | 127 | 33 | 814 | 4 | 396 | 532 | 31 | 136 | 31 | 2104 |
| 25 | PANCHMAHALS | 147 | 89 | 700 | 0 | 506 | 345 | 70 | 184 | 223 | 2264 |
| 26 | PATAN | 69 | 173 | 567 | 1 | 370 | 412 | 89 | 126 | 132 | 1939 |
| 27 | PORBANDAR | 74 | 0 | 319 | 1 | 108 | 189 | 68 | 65 | 54 | 878 |
| 28 | RAJKOT | 199 | 47 | 994 | 17 | 585 | 604 | 129 | 440 | 366 | 3381 |
| 29 | SABARKANTHA | 162 | 114 | 735 | 0 | 603 | 582 | 65 | 259 | 255 | 2775 |
| 30 | SURAT | 431 | 139 | 1980 | 1 | 927 | 1369 | 116 | 491 | 301 | 5755 |
| 31 | SURENDRANAGAR | 117 | 113 | 639 | 3 | 372 | 309 | 205 | 171 | 163 | 2092 |
| 32 | TAPI | 41 | 139 | 256 | 1 | 187 | 229 | 134 | 52 | 31 | 1070 |
| 33 | VADODARA | 227 | 36 | 1522 | 0 | 741 | 854 | 44 | 226 | 155 | 3805 |
| 34 | VALSAD | 140 | 51 | 872 | 1 | 408 | 634 | 134 | 127 | 37 | 2404 |
| | Grand Total | 4234 | 2445 | 26181 | 79 | 15124 | 17075 | 3727 | 6088 | 5270 | 80223 |

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સામાન્ય ચૂંટણી મત વિભાગની વિગત

| ક્રમ | અધિનિયમની કલમ-૩(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના ખંડની વિગત | મત વિભાગની વિગત | ખંડવાર મતદાર યાદીનો પત્રક નંબર |
|---|---|---|---|
| ૧ | ખંડ-૧ | ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓના હેડમાસ્તરો (આચાર્યો) નો મત વિભાગ | પત્રક-૧ |
| ૨ | ખંડ-૨ | રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાઓના હેડમાસ્તરો અને શિક્ષકોનો મત વિભાગ | પત્રક-૨ |
| ૩ | ખંડ-૩ | ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓના શિક્ષકોનો મત વિભાગ | પત્રક-૩ |
| ૪ | ખંડ-૪ | માધ્યમિક શિક્ષક તાલીમ કોલેજો અને સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજોના પ્રિન્સિપાલોનો મત વિભાગ | પત્રક-૪ |
| ૫ | ખંડ-૫ | રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીવર્ગ (સ્ટાફ) નો મત વિભાગ | પત્રક-૫ |
| ૬ | ખંડ-૬ | રજિસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારી વર્ગ (સ્ટાફ) નો મત વિભાગ | પત્રક-૬ |
| ૭ | ખંડ-૭ | સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોનો મત વિભાગ | પત્રક-૭ |
| ૮ | ખંડ-૮ | મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ અને મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ રજિસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકોના પ્રતિનિધિઓનો મત વિભાગ | પત્રક-૮ |
| ૯ | ખંડ-૯ | રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વાલીઓના એસોસિયેશનના પ્રમુખોનો મત વિભાગ | પત્રક-૯ |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## પ્રાથમિક મતદાર યાદીની જાહેર નોટીસ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની આગામી સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી અધિકારી દ્વારા મતદાર યાદીઓ તૈયાર કરવાની કાર્યવાહી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે કરાવવામાં આવેલ છે. મતદાર યાદી સુધારણા માટે તા.૨૫/૦૯/૨૦૨૦ થી તા.૨૮/૦૯/૨૦૨૦ દરમિયાન બોર્ડની વેબસાઈટ ઉપર ઓનલાઈન મૂકવામાં આવેલ હતી અને અરજદારો ઓનલાઈન સુધારા કરી શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરાવેલ હતી. વધુમાં, ઈ-મેઈલ મારફતે પણ અરજદારોની રજૂઆતો સ્વીકારવામાં આવેલ છે. અરજદારો દ્વારા આપવામાં આવેલ સુધારા તેમજ અરજદારો દ્વારા આવેદનમાં કરેલ ભુલો, ઓનલાઈન સુધારામાં થયેલ ભુલ અને કેટલાક અરજદારો દ્વારા એકજ સંવર્ગમાં એક કરતા વધુ વાર મતદાર નોંધણી માટેના અરજી રજૂ કરેલ. ચૂંટણી અધિકારી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી નિયમાનુસાર રદ કરવાપાત્ર અરજી રદ કરેલ છે. રદ થયેલા મતદારોની અરજીની વિગત બોર્ડની વેબસાઈટ પર જરૂરી વિગતો સહિત મૂકવામાં આવેલ છે.

ચૂંટણી અધિકારી દ્વારા સુધારા થયેલ સુધારા મતદાર યાદી તા.૧૨/૧૦/૨૦૨૦ ના રોજ બોર્ડની વેબસાઈટ elec.gsebeservice.com ઉપર મૂકવામાં આવનાર છે. સુધારા મતદાર યાદી તા.૧૨/૧૦/૨૦૨૦ થી તા.૧૭/૧૦/૨૦૨૦ દરમિયાન જોઈ શકાશે. બોર્ડ દ્વારા મતદાર યાદી સુધારણા માટે આવેલી ઓનલાઈન રજૂઆતો તેમજ બોર્ડે કરેલ વેરીફિકેશનના અંતે કરાયેલ સુધારા સાથેની યાદી અરજદારો પુન: ઓનલાઈન જોઈ શકશે અને ઓનલાઈન મૂકવામાં આવેલ મતદાર યાદીમાં તેઓના નામ કે જન્મ તારીખમાં કોઈ સુધારો કરવાનો થતો હોય તો સુધારો કરવા મતદાર યાદીમાં નામ દાખલ કરવાની અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર દાખલ કરી OTP ની મદદથી સુધારો ફક્ત ઓનલાઈન કરી શકશે. તેમજ કોઈ મતદારની વિગતો સામે કોઈ વાંધો હોય તો તે પોતે બોર્ડની વેબસાઈટ ઉપર મૂકાયેલ નમૂના પ્રમાણેની વાંધા માટેની અરજી ચૂંટણી અધિકારીને gsebelection2020@gmail.com ઈ-મેઈલ પર મોકલી શકશે. મતદાર સુધારણા, મતદાર યાદી વેરીફિકેશન અને વાંધા માટે તા.૧૭/૧૦/૨૦૨૦ ના રોજ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં રજૂઆત કરવાની રહેશે. સમય મર્યાદા બાદ મળેલ કોઈ રજૂઆત ધ્યાને લેવાશે નહીં.

ઉપર મુજબની નિયત થયેલી સમય મર્યાદા પૂર્ણ થયે વાંધાઓનો નિકાલ કરી આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. આખરી મતદાર યાદી પ્રસિધ્ધિ બાદ કોઈ સુધારાઓ કે વાંધાઓ ગ્રાહ્ય રહેશે નહીં. જેની સૌ સંબંધિતોઓએ નોંધ લેવી.

(ડી. એસ. પટેલ)
ચૂંટણી અધિકારી અને સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

સ્થળ :- ગાંધીનગર
તારીખ :- ૧૨/૧૦/૨૦૨૦